ગુજરાત અનુસૂચિત જાતિ નિગમ, ગાંધીનગરની ખાલી જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી ૦૧ વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવા બાબત..........

<u>વર્ગ-૩ ની કુલ ૦૮ (આઠ) જગ્યાઓ</u>

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અવક/૧૦૨૦૧૩/૫૫૨૫૩૮/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા: /૦૩/૨૦૨૦.
01 APR 2021

<u>વંચાણમાં લીધા:-</u>

૧. વિભાગનો તા:૧૭/૦૩/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૯/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અવિકો/મકમ/૨૦૨૦/૧૮૯૯.

<u>આમુખ:-</u>

વંચાણે લીધેલ ક્રમ:૧ પરના વિભાગના તા:૧૭/૦૩/૨૦૨૦ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર માટે કુલ-૦૮ જગ્યાઓ ઉપર ૦૧ વર્ષ માટે આઉટસોર્સીંગથી કામગીરી લેવાની મંજૂરી આપેલ હતી તેમજ લીધેલ ક્રમ-૦૨ પરના ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના તા:૨૯/૦૧/૨૦૨૧ના પત્રથી ઉક્ત ૦૮ જગ્યાઓ નિયમિત ધોરણે ન ભરાય ત્યા સુધી અથવા વધુ ૦૧ વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવા માટેની મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

<u>ઠરાવ:-</u>

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની ૦૮(આઠ) જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય ત્યા સુધી વધુ ૦૧(એક) વર્ષ માટે કોષ્ઠક નીચે દર્શાવેલ શરતોને આધીન આઉટસોર્સીંગથી ભરવાની આથી મંજૂરી આપવામાં આવે છે:-

| ક. | સંવર્ગ | આઉટસોર્સીંગથી મંજૂર જગ્યાની સંખ્યા | માસિક પગાર(રૂપિયામાં) |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| ૧ | નાયબ મેનેજર વર્ગ-૩ | ૦૧ | ૧૭૫૦૦ |
| ૨ | મદદનીશ મેનેજર વર્ગ-૩ | ૦૧ | ૧૬૦૦૦ |
| ૩ | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૦૩ | ૧૪૦૦૦ |
| ૪ | જુનીયર કલાર્ક વર્ગ-૩ | ૦૩ | ૧૨૫૦૦ |
| મંજૂર કુલ જગ્યા | | ૦૮ | |

શરતો:-

૧. ઉક્ત જગ્યાઓની મુદત પૂર્ણ થયેથી મંજૂરીની અપેક્ષાએ ચાલુ રાખી શકાશે નહી તેમજ નાણાં વિભાગની મંજૂરી વગર પગાર વધારો કરી શકાશે નહી.

૨. આઉટસોર્સીંગથી ભરવાની થતી જગ્યાઓ અંગે સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવેલ તમામ જોગવાઇઓ તથા નિયમો ધ્યાને લેવાના રહેશે.

આ હુકમો, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૦/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ - ૨૦૨૧.